# 6th BRICS Foreign Policy Planning Dialogue (December 10, 2021)

December 10, 2021

# 6ઠ્ઠો બ્રિક્સ વિદેશ નીતિ આયોજન સંવાદ (ડિસેમ્બર 10, 2021)

ડિસેમ્બર 10, 2021

ભારતના બ્રિક્સ 2021 અધ્યક્ષ પદ હેઠળ 10મી ડિસેમ્બર, 2021ના રોજ 6ઠ્ઠો બ્રિક્સ વિદેશ નીતિ આયોજન સંવાદ સફળતાપૂર્વક વર્ચ્યુઅલ રીતે યોજાયો હતો. આ સંવાદનું અધ્યક્ષપદ ડિરેક્ટર, પોલિસી પ્લાનિંગ ડિવિઝન, એમઈએ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં બ્રિક્સ દેશોના વિદેશ નીતિ આયોજન એકમોના વડાઓએ ભાગ લીધો હતો.

તેમાં કૂટનીતિના સાધારણ તાત્કાલિક મુદ્દાઓથી આગળ વધીને વૈશ્વિક ફલક અને તેના પરિણામો, બહુપક્ષીય પ્રણાલીમાં સુધારા અને અન્ય મુખ્ય બાબતો પરના મુખ્ય પ્રવાહો પર ફળદાયી આદાનપ્રદાન થયું હતું.

આ સંવાદે બ્રિક્સના સભ્યોને એકબીજા સાથે પોતપોતાની વિદેશ નીતિ આયોજન એકમોમાં અપનાવેલી શ્રેષ્ઠ પ્રથાઓ વહેંચવાની તક પણ પૂરી પાડી હતી.

નવી દિલ્હી
ડિસેમ્બર 10, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.